# 5. દીકરી

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

1) દીકરી સ્વર્ગમાં કયા સ્વરૂપે દેખાય છે?

(A) દેવોની ઝલકમાં

(B) પરીની ઝલકમાં

(C) દેવીઓની ઝલકમાં

(D) અપ્સરાની ઝલકમાં

2) દીકરીની સમજણ વિસ્તરી છે તેવું કયા કારણે કહી શકાય?

(A) પિતાને સહારો આપે છે તેથી

(B) પિતાને ખર્ચ કરાવે છે તેથી

(C) સાસરે જાય છે તેથી

(D) (A), (B), (C) માંથી એક પણ નહિ

2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં આપો:

1) કવિ સ્નેહનું ઝરણું કોને કહે છે?

- કવિ સ્નેહનું ઝરણું દીકરીને કહે છે.

2) 'દીકરીને માથે હાથ ફેરવવો' અને 'દીકરી હાથ દે' એમાં શો ફરક છે?

- 'દીકરીને માથે હાથ ફેરવવો' એટલે દીકરીને આશિષ આપવા, તેની કાળજી લેવી અને 'દીકરી હાથ દે' એટલે દીકરી સહારો આપે, હૂંફ આપે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 3. નીચેના પ્રશ્નોના પાંચ-સાત વાક્યોમાં ઉત્તર લખો:

#### 1) દીકરીનો ઉછેર કેવી રીતે થવો જોઈએ તે તમારા શબ્દોમાં લખો.

- દીકરી અને દીકરાના ઉછેરમાં અને શિક્ષણમાં ભેદભાવ ન રાખવો જોઈએ. દીકરી એ પારકી થાપણ નથી, તે તો તુલસીનો ક્યારો છે. તે તુલસી જેવી પવિત્ર છે. જેમ તુલસીને રોજ પૂરતું પાણી સિંચીએ તેમ દીકરીમાં સારા સંસ્કાર સિંચવા જોઇએ, જેથી તે જ્યાં જાય ત્યાં પોતાની મીઠી-મધુરી વાણીથી સૌનાં દિલ જીતી શકે. સંસ્કારી દીકરી પણ પોતાના પિતા, ભાઈ અન્ય કુટુંબીજનો અને સમાજથી કાયમ ડરીને રહે, પોતાનો કોઈ શોખ કેળવી ન શકે તેવું વાતાવરણ હોય તો તે બદલાવવું જોઈએ. અસામાજિક તત્ત્વો જો તેને પરેશાન કરતા હોય તો તેના વિરુદ્ધ અવાજ ઉઠાવી શકે તેટલી સક્ષમ તેને બનાવવી જોઈએ. તે સમાજના અસામાજિક તત્ત્વોથી પોતાનું રક્ષણ જાતે કરી શકે તે માટે સ્વરક્ષણ પદ્ધતિઓ શીખવવી જોઈએ. આજે દીકરીઓને ચિત્રકામ, નૃત્ય, દાંડિયારાસ વગરેનાં વર્ગો કરાવાય છે તેની સાથે સાથે જ સ્વરક્ષણ પદ્ધતિઓનાં વર્ગો પણ કરાવવાં જ જોઈએ. જીવનમાં ગમે તેટલી નિરાશાજનક પરિસ્થિતિઓમાં પણ રસ્તો કરી શકે અને કોઈ અવિચારી પગલું ભરી ન બેસે તેવી સમજણ તેનામાં દૃઢ કરવી જોઈએ. તેમને પૂરતું શિક્ષણ આપવું જોઈએ જેથી લગ્ન બાદ તે જરૂરી આર્થિક ઉપાર્જન કરી પોતાનાં પતિ અને સંતાનો સાથે મૂળભૂત ભૌતિક સુવિધાઓ સાથે જીવન વ્યતિત કરી શકે. તેનો સર્વાંગી વિકાસ થાય તે માટે તમામ તક આપવી જોઈએ. એક સંસ્કારી અને કુટુંબવત્સલ દીકરી પિયર અને સાસરી એમ બે કુળને ઉજાળે એવો એનો ઉછેર કરવો જોઈએ.

#### 2) નીચેની કાવ્યપંક્તિ સમજાવો:
'સ્વર્ગની એક એક દેવીની ઝલકમાં દીકરી,
છે સુખડ-ચંદન ને કુમકુમનાં તિલકમાં દીકરી.'

- 'દીકરી' ગઝલમાં કવિએ પિતાની નજરે આલેખાયેલું દીકરીનું વત્સલ અને મધુર વ્યક્તિત્વનું વર્ણન કર્યું છે. કવિને સ્વર્ગની એક-એક દેવીમાં દીકરીની ઝલક દેખાય છે. દીકરી સુખડ-ચંદનની સુગંધ અને કુમકુમના તિલકનું સૌંદર્ય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in